# **:: ક્રિ.કે.નં.૨૦૦૪૯૮/૨૦૦૩ ::**

## **–: આંક–૩૯ નીચે હુકમ :–**

**એપીયરન્સ**

**ફરીયાદપક્ષે : વિ.પ્રોસીકયુટર શ્રી વિપલબેન સોલંકી**

**આરોપીપક્ષે : વિ.વકીલ શ્રી એલ.એસ.મોદી**

(૧) આ કામે આરોપી નામે Mr.Killol V. Shelat તરફે **આંક–૩૯** થી રજુ હાલની અરજી તેઓ સામે આંક–૧ ની ફરિયાદના પ્રોસિંડીગ્સ ડ્રોપ કરવા બાબતે તા.૩/૫/૨૦૦૬ ના રોજ રજુ થયેલ છે. હાલની અરજીના વિરૂધ્ધમાં ફરિયાદપક્ષે કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી.

(૨) **આંક–૩૯** થી રજુ હાલની અરજીની વિગતો ધ્યાને રાખી રેકર્ડ ઉપરની હકીકતો વંચાણે લેતાં ફરિયાદી આર.ઓ.સી. ડીપાર્ટમેન્ટ ધ્વારા કંપની એકટ, ૧૯૫૬ ની વિવિધ જોગવાઈઓના ભંગ બદલની ફરિયાદ **તા.૨૯/૧૧/૨૦૦૩** ના રોજ M/S. Oasis Media Matrix Ltd. અને તેના ડાયરેકટરો વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલ છે. જે ફરિયાદમાં હાલના આરોપીને પણ કંપનીના ડાયરેકટર તરીકે દર્શાવવામાં આવેલ છે. **આંક–૩૯** ની અરજીના સમર્થનમાં આરોપી તરફે કંપની એકટ, ૧૯૫૬ અન્વયેની રજુ થયેલ ફોર્મ નં.૩૨ વંચાણે લેતાં M/S. Oasis Media Matrix Ltd. કંપની તે અગાઉ Ratnajyot Metacast Ltd. તરીકે ઓળખાતી હતી ત્યારે હાલના આરોપી Ratnajyot Metacast Ltd. કંપનીના ડાયરેકટર હતા અને આરોપીએ તેમના ડાયરેકટર પદેથી તા.૧૪/૯/૧૯૯૬ ના રોજ રાજીનામું આપેલ હોવાનું ફોર્મ નં.૩૨ માં જણાવવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં આંક–૧ ની ફરિયાદમાં આક્ષેપિત ગુના સમયે હાલના આરોપી Mr.Killol V. Shelat તે કંપનીના ડાયરેકટર તરીકે નહિ હોવાનું જણાઈ આવતુ હોય, જેથી M/S. Oasis Media Matrix Ltd. કંપનીના કોઈ કૃત્ય બદલ હાલના આરોપીને પરોક્ષ રીતે જવાબદાર બનાવી શકાય તેમ નથી. જે તમામ હકીકતો ધ્યાને રાખી નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આરોપી નામે Mr.Killol V. Shelat તરફે **આંક–૩૯** થી રજુ હાલની અરજી મંજુર કરી તેઓને સદર ફરિયાદના કામેથી ડીસ્ચાર્જ કરી આરોપી વિરૂધ્ધની હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ : ૧૧/૦૩/૨૦૨૬.
અમદાવાદ(સીટી).

**(ડી.એચ.ખંભાતી)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૬)